તલોદમાં ૨૦ લાખના બે પ્લોટ બારોબાર વેચી દેવાતા પાંચ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જીલ્લાના તલોદમાં રહેતા એક પ્લોટ માલિકના રૂા.૨૦ લાખની કિંમતના બે પ્લોટ માલિકની પરવાનગી વિના તાજેતરમાં પાંચ જણાએ ભગા મળી રૂા.૨૦ લાખ લઈ અન્ય શખ્સોને વેચી દઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતા બુધવારે તેમની વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં પ્લોટ માલિક દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ અંગેની વિગત એવી છે કે તલોદની પંચવટી સોસાયટીમાં રહેતા અમીતકુમાર અંબુપ્રસાદ જયસ્વાલના સીટી સર્વે નં.૨૩૪૮-૪૯ માં આવેલા પ્લોટ નં.૩૨૪૪ અને ૩૨૪૯ને અમીતકુમાર જયસ્વાલની પરવાનગી વિના લુહાર એહમદભાઈ અલ્લાઉદીન (રહે.ખેડબ્રહ્મા) અને તલોદના કોલેજ રોડ પર રહેતા ખોખર ઈસ્માઈલભાઈ સમસુભાઈ, લુહાર ઈસ્માઈલભાઈ યુસુફભાઈ, રૂકૈયાબાનુ અયુબભાઈ અને રાજુભાઈ વસ્તાભાઈ ભરવાડે ભેગા મળી ગત તા.૨૪ જૂનથી ૧૪ જુલાઈ દરમિયાન કાવતરૂ રચી રૂા.૨૦

લાખમાં આ બંને પ્લોટ વેચી દઈ ખોટી સહી કરી દસ્તાવેજ વેચી નાખ્યા હતા. જે અંગે અમીતકુમાર જયસ્વાલને ખબર પડતા તેમણે બુધવારે પાંચેય જણા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મદીના શરીફ અને ઢાકામાં થયેલા આતંકવાદી હૂમલાનો ઓલ ઈન્ડીયા ઉલ્મા એન્ડ મસૈખ બોર્ડ દ્વારા વિરોધ

મુસ્લિમોના પવિત્ર યાત્રાધામ મદીના શરીફમાં અને ઢાકામાં થોડાક સમય પહેલા થયેલા આતંકી હૂમલાના સંદર્ભે અને જાકીર નાઈકે પીસ ટીવી ઉપર આપેલા પ્રવચનના વિરોધમાં મંગળવારે મોડાસામાં મુસ્લિમ સમાજ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. ઓલ ઈન્ડિયા ઉલમાં અને મસૈખ બોર્ડના મોડાસા યુનિટના નેજા હેઠળ એકઠા થયેલા મુફ્તી ઈસ્માઈલ આતી સાહેબ, મૌલાના ફૈજુદ્દીન સાહેબ, મૌલાના અબ્દુલ કાદીર, હાફીઝ રહીશ અને હાફીજે આશીકે રસુલ સહીત અરવલ્લી જિલ્લા યુનિટના સેક્રેટરી ગુલામનબી શેખ સહિતના અગ્રણીઓએ મોડાસા નગરના કોટ વિસ્તારમાં એકઠા મળી ઝાકીર નાઈક, પીસ ટીવી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી મુર્દા બાદના નારા લગાવ્યા હતા. ત્યાર બાદ એકઠા મળી જિલ્લા અધિક કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

નવાગામમાં જમીનની તકરારમાં કુહાડીથી મારતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના નવાગામમાં રવિવારે જમીન બાબતે એક જ કુંટુંબના વ્યકિતઓ વચ્ચે તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા એક ઈસમે ઠપકો આપતા ઉશ્કેરાયેલા ઈસમોએ કુહાડી, લાકડી લઈ બે ઈસમોને માર મારતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

વિજયનગર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નવાગામ ધનેલા ગામના બાબુભાઈ રૂપસીભાઈ અસારી, સંજય બાબુભાઈ અસારી, રૂપસી પુનાજી અસારી, કાંતીલાલ મગનલાલ અસારી અને બદાજી માંનાજી અસારી એક જ કુંટુંબના હોવા છતાં ગત રવિવારે બપોરે રૂપસી પુનાજી અસારી અને તેનો પુત્ર બાબુભાઈ, પૌત્ર સંજય અને કાંતીલાલે બદાજી અસારી સાથે ડુંગરીવાળી જમીન અમારી છે, તું અને તારા છોકરાઓ આ જમીન, ઘરબાર છોડી અહીંથી જતા રહો તેમ કહી તકરાર કરી હતી. જેમાં બાબુલાલ અને તેના દિકરા સંજયે અપશબ્દો બોલતા બદાજી અને તેમના દિકરા લકસીભાઈએ અપશબ્દો બોલવાની ના પાડી હતી. જેમાં સંજયે ઉશ્કેરાઈ જઈ કુહાડી લઈ બદાજીને માર માર્યો હતો. જયારે બાબુલાલે લાકડી વડે લકસીભાઈ અસારીને માર મારી ઈજા પહોંચાડી હતી. જયારે કાંતીલાલ મગનભાઈ અસારીએ ગડદાપાટુનો માર મારતા લકસીભાઈ અસારીની પત્નિ જમનાબેને બાબુભાઈ, તેના પુત્ર સંજય રૂપસીભાઈ તથા કાંતીલાલ મગનલાલ અસારી વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય વ્યકિત વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરાની વી.એન. સવાણી સ્કૂલમાં ધક્કામુકીમાં વિદ્યાર્થીના પગે ફેક્ચર

પંદર દિવસ અગાઉ બાળકો ઉપર પંખો પડતા ત્રણ બાળકો ઈજાગ્રસ્ત : આવુ બધુ ચાલ્યા કરે અમારી કોઈ જવાબદારી નથી આવતી : શાળાના આચાર્ય

ધાનેરા, તા. ૨૭

ધાનેરાની વી.એન. સવાણી નામની સ્કૂલમાં ધક્કામુકીમાં એક બાળક આવી જતા બાળકના પગના ભાગે ફેક્ચર થવા પામ્યું હતું. આજ સ્કૂલમાં પંદર દિવસ અગાઉ પણ કલાસમાં બાળકો ઉપર પંખો પડતા ત્રણ બાળકો ઈજાગ્રસ્ત બન્યા હતા. આ બાબતે સ્કૂલના આચાર્યને રજૂઆત કરતા તેને જણાવ્યું હતું કે અમારી કોઈ જવાબદારી નથી આવતી આવું તો ચાલ્યા કરે.

ધાનેરાની વી.એન. સવાણી નામની સ્કૂલમાં જયારે સાંજે પાંચ વાગે બાળકો છૂટ્યા ત્યારે બાળકો ભારે ધક્કામુકી કરવા લાગ્યા હતા. જેમાં અદનાન ઈબ્રાહીમભાઈ નામનો ૬ ધોરણમાં અભ્યાસ કરતો હતો. બાળક નીચે પટકાતા પગમાં ફેક્ચર થવા પામ્યું હતું. આટલું જ નહિ પણ પંદર દિવસ અગાઉ આજ સ્કૂલના ક્લાસરૂમમાં બાળકો ઉપર પંખો પડતા ત્રણ બાળકો ઈજાગ્રસ્ત બન્યા હતા.

સમગ્ર બાબતે સ્કૂલના આચાર્યને જાણ કરતા તેને જણાવ્યું હતું કે આ તો એક અકસ્માત કહેવાય અને આવું તો બન્યા કરે એમાં કોઈ અમારી જવાબદારી નથી આવતી. શાળાના આચાર્યની વાત સાંભળી એવું લાગી રહ્યું છે કે આ લોકો કેક મોટા હાદસાની રાહ જોઈ રહ્યા છે જો આ શાળામાં કોઈ મોટી જાનહાની સર્જાય તો તેના માટે જવાબદાર કોણ તે પણ એક પ્રશ્ન છે. તો બીજી તરફ બોગબાણનાર વિદ્યાર્થીના વાલી દ્વારા ધાનેરા પોલીસમથકમાં લેખિત રજૂઆત કરતા ખળભળાટ મચી જવા પામી છે. ધાનેરાના લોકો પણ ઈચ્છી રહ્યા છે કે પોલીસ આ લોકોની સાન ઠેકાણે લાવે માટે આવનારા સમયમાં મોટી જાનહાની ટાળી શકાય.

મહેસાણા જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થતા ખેડૂતોમાં હર્ષની લાગણી

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લામાં સખત ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણમાં જિલ્લાના કેટલાક વિસ્તારોમાં બીજા રાઉન્ડનો હળવાથી મધ્યમ વરસાદ થતાં ખેડૂત વર્ગમાં હર્ષની લાગણી ફેલાઈ છે. જિલ્લાના ઊંઝા, મહેસાણા, વિસનગર, વિજાપુર તાલુકાઓમાં આજે વહેલી સવારથી હળવો ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. જે બપોર સુધી ચાલુ રહેતા તાજેતરમાં થયેલ ચોમાસુ ખરીફ પાકોના વાવેતરોને ફાયદો થયો છે. જીલ્લામાં સૌથી વધુ એક ઈંચ જેટલો વરસાદ ઊંઝા તાલુકામાં નોંધાયો છે. આ વરસાદને પગલે હાલ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

દરમિયાન જિલ્લામાં થોડા દિવસો પૂર્વે વાવણીલાયક વરસાદ થતા ચોમાસુ ખરીફ પાકોના વાવેતરોની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ચાલુ વર્ષે કઠોળ વગેરેના પાકોના ઉંચા ભાવને કારણે કઠોળનું વાવેતર સવિશેષ થવાની ધારણા રખાય છે.

પ્રાંતિજ તાલુકા પંચાયતમાં વૃક્ષારોપણ કરાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રાંતિજ ટી.ડી.ઓ. અરવિંદભાઈ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કી. વાઘેલા, ઉપ પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ બેચરભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહીને આયુર્વેદિક વૃક્ષો સહિતના વૃક્ષોનું વૃક્ષારોપણ કરવાં આવ્યું હતું.

પાલનપુરમાં રાષ્ટ્રીય વંચિત લોકમંચ દ્વારા ઉના અત્યાચાર મામલે રેલી યોજાઈ

પાલનપુર, તા. ૨૭

ગુજરાત મોટ કલંક સમાન ઉના અત્યાચાર પ્રકરણે આજે બનાસકાંઠાના પાલનપુર ખાતે રાષ્ટ્રીય વંચિત લોકમંચના નેજા હેઠળ વીશાળ યુવારેલી યોજાઈ હતી. જેમાં દલીતો ઉપર થતા અત્યાચારોને રોકવા માટે રાષ્ટ્રપતિ અને ગુજરાતના મુખ્યમંત્રીને સંબોધી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

પાલનપુર સીમલાગેટ સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી દલીત યુવાનોની રેલીએ પ્રસ્થાન કર્યુ હતુ. જેમાં બેનરો સાથે મોટી સંખ્યામાં દલીત યુવાનો અને આગેવાનો જોડાયા હતા. આ રેલી કલેક્ટર કચેરી પહોંચી હતી. જ્યાં આરડીસી મીસ્ત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં ગુજરાતમાં ગૌરક્ષકદળ ઉપર સંપૂર્ણ પણે પ્રતિબંધ મુકવો, દેશમાં જાતીવાદી વીચારધારાને પ્રોત્સાહન આપતા અને બંધારણીય નીયમોનું ઉલ્લંઘન કરતા સંગઠનો ઉપર પ્રતિબંધ મુકવો, ગુજરાતમાં ગૌહત્યા કરતા કતલખાના બંધ કરવા, દલીત અત્યાચારના બનાવમાં પીડીતોને ન્યાય આપવા અને દલીત હીજરતના બનાવમાં આરોપીઓને કડક સજા કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી.

પાલનપુરમાં ઉના પ્રકરણે દલીત યુવાનોની રેલીને લઈ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે શહેરમાં પોલીસ તંત્ર દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

ઈડરમાં રસ્તા પરથી નીકળવા બાબતે ઝઘડો થતાં ચાર વિરૂધ્ધ ફરિયાદ

ઈડર, તા.૨૭

સાબરકાંઠા જીલ્લાના ઈડરના વેરાઈ માતાના મંદિર સામે આવેલ ખેતરોમાંથી ગત તા.૨૧ જુલાઈના રોજ પસાર થવા બાબતે અમરતભાઈ કિશોરભાઈ ભોઈ તથા પપ્પુભાઈ અમરતભાઈ રાણા, પિયુષભાઈ અમરતભાઈ રાણા, પ્રકાશભાઈ મંછારામ ભોઈ અને અનિલભાઈ દક્ષિણભાઈ ભોઈ વચ્ચે રસ્તામાં થઈને નીકળવા બાબતે ઝઘડો થતાં અમરતભાઈ કિશોરભાઈ ભોઈને ગાળો બોલી ચારેય જણાએ તિક્ષ્ણ હથિયારથી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભરતભાઈ કિશોરભાઈ ભોઈએ ચારેય જણા વિરૂધ્ધ મંગળવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

વડગામ તાલુકાના પાલડી ગામે થયેલ મહંતની હત્યાનો ભેદ ઉકેલાયો

વડગામ, તા. ૨૭

વડગામ તાલુકાના જુની પાલડી ગામે મંદિરના મહંતની હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં લૂંટના ઈરાદે મહંતનું ઢીમ ઢાળનાર ગાંજાના બંધાણી ચાર હત્યારાઓને પાલનપુર એલસીબીની ટીમે ઝડપી પાડી મહંતની હત્યાનો ભેદ ઉકેલી દીધો છે.

વડગામના જુની પાલડી ગામે આવેલ સરસ્વતી નદિના કિનારે મહાદેવના મંદિરમાં સિદ્ધપુર તાલુકાના હીસોર ગામના જશવંતજી રૂપસંગજી પુજારી તરીકે સેવા આપતા હતા. આ પૂંજારીની તા. ૧૨-૭-૧૬ની રાત્રે અજાણ્યા તત્વો દ્વારા હત્યા કરવામાં આવી હતી. જો કે આ હત્યા ઉપરથી પડદો ઉંચકવા માટે જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજરે બનાવની તપાસ પાલનપુર એલસીબી પોલીસને સોંપતા પી.આઈ. કે.જે. પટેલ, પી.એસ.આઈ. એસ.બી. ચૌધરી અને તેમની ટીમે હત્યાના બનાવની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતક પૂજારીને મળવા આવતા વ્યક્તિઓની તપાસ કરતા પાટણ જિલ્લા સંડેર ગામનો જય ઉર્ફે જયલો સોમાભાઈ પટેલ, વારંવાર આ જગ્યાએ આવતો હોવાની બાતમીના આધારે તેની પુછતાછ કરવામાં આવતા જય પટેલે મુકેશ ભેરૂલાલ લુહાર રહે. ગૌગુન્દ્રા જી. ઉદેપુર મુકેશ ગણેશલાલ ખટીક રહે. મીઠાનીળ, રાજસ્થાન, સુખલાલ ભવરલાલ ડોગી મુળ રહે. રાજસ્થાન હાલ રહે. પાટણવાળા સાથે મળી લૂંટના ઈરાદે મહંતની હત્યા કરી હોવાની કબુલાત કરતા પોલીસ દ્વારા ચારેય આરોપીની અટકાયત કરવામાં આવી છે.

આરોપીઓ ગાંજાના બંધાણી હોઈ અને મૃતક પૂજારી ગાંજો આપતા હોઈ તેમની પાસે ખુબ પૈસા હોઈ ચારેય આરોપીઓએ લુંટના ઈરાદે મહંતની હત્યાનો પ્લાન બનાવ્યો હતો અને તા. ૧૧-૭-૨૦૧૬ની રાત્રે બાઈક ઉપર મીઠીપાલડી ગામે આવી મહંત પાસે પાણી માંગીને તેમના માથામા પાવડો મારી હત્યા કરી હતી અને બાપજી દ્વારા સંતાડેલ રૂપિયા લુંટવા ઝુંડપી આજુબાજુ જમીન ખોદી હતી પણ કઈ હાથ લાગ્યુ ન હતુ. માત્ર મૃતક બાપજીના કપડામાંથી બે હજાર મળતા તે રકમ લઈ ભાગી છુટ્યા હતા. જો કે જય પટેલ સીવાયના ત્રણ આરોપી રાજસ્થાનના છે જે પત્થર ફીટીંગનો ધંધો કરે છે અને જય પટેલના સંપર્કમાં આવવાથી ગાંજાના લતે ચડી લુંટના ઈરાદે હત્યા કરી હતી અને બનાવમાં વાયરેલ બે બાઈક પૈકી એક બાઈક ચોરીનું હોવાની કબુલાત કરી છે.

આમ ગાંજાના રવાડે ચડેલ સંડેરના યુવકોએ લુંટના ઈરાદે મહંતનુ ઢીમ ઢાળી દીધુ હતુ. જે હત્યારાઓને એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી મર્ડર કેસનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

મહેસાણા મધ્યસ્થ બેંકમાં ભરતી મામલે બેંકના પૂર્વ ચેરમેનને નોટીસ

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લા મધ્યસ્થ કો.ઓપ. બેંક લી.ના પૂર્વ ચેરમેન અને વર્તમાન ડીરેક્ટર એન.પી. પટેલને તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન બેંકમાં કર્મચારીઓની થયેલ ભરતી, કમ્પ્યુટરની ખરીદી અને મિલકત ખરીદીમાં થયેલ તપાસમાં કથિત ગેરરીતિના મામલે રાજ્યના સહકાર વિભાગના રજીસ્ટ્રારે સહકારી કાયદાની કલમ ૭૬ (બી) મુજબ નોટીસ ફટકારીને ૩૦મી જુલાઈ સુધીમાં ખુલાસો કરવા જણાવતા જિલ્લાના સહકારી આલમમાં ચર્ચાઓ જાગી છે. રાજ્યના સહકારી અગ્રણી નટવરલાલ પી. પટેલ અગાઉ મહેસાણા ડી.એ.કો.ઓપ. બેંકલી.ના ચેરમેન હતા અને હાલમાં બેંકના ડીરેક્ટરપદે છે.

પ્રાંતિજમાં રોડની વચ્ચે સળીયા અકસ્માત નોતરે તો નવાઈ નહી

દિવસ દરમિયાન હજ્જારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત લોકો અવર જવર કરે છે

પ્રાંતિજ, તા. ૨૭

પ્રાંતિજ ખાતે આવેલ ભાખરીયા બસ સ્ટેશનથી સિનેમા રોડ તરફ જવાના સર્કલ ઉપર રોડની વચ્ચે છ થી સાત સળીયા ધારદાર ખુલ્લા હોવા છતાં પાલિકામાં રજુઆતો કરવા છતાં કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા ત્યાંથી અવરજવર કરતા લોકો તથા પાસે આવેલ દુકાન માલિકોમાં પાલિકા વિરૂદ્ધ રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશનથી સિનેમા રોડ તરફ જવાના સર્કલ રોડ ઉપર છેલ્લા કેટલાય દિવસો ભયજનક ધારદાર અણીદાર સળીયા છતાં જવાબદાર તંત્ર હજુ સુધી ઘોર નિંદ્રામાં છે. અને વેપારીઓ તથા ત્યાંથી અવરજવર કરતા રહીશો દ્વારા અવારનવાર પાલિકામાં રજુઆતો કરવા છતાં હાલ તો જાણે તંત્ર ઉંઘતુ હોય તેમ જણાઈ આવે છે અને તંત્ર દ્વારા સળીયા હટાવવા કે કટીંગ કરવા માટે સમય કે તસ્દી લીધી નથી. ત્યારે આજ રોડ ઉપરથી દિવસ દરમિયાન એક હજારથી પણ વધારે વિદ્યાર્થીઓ સહિત લોકો દિવસ દરમિયાન અવરજવર કરે છે. ત્યારે પાલિકામાં રજુઆતો કરવા છતાં આ અંગેની હજુ સુધી કોઈ ગંભીર નોંધ લેવામાં આવી નથી. ત્યારે હાલ તો એવુ લાગી રહ્યું છે કે કોઈ અકસ્માત થાય પછી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

વડનગરમાંથી રીઢો ચેઈન સ્નેચર ઝડપાયો

પોલીસે આઠ ગુનાના ભેદ ઉકેલ્યા

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લા એસઓજી પોલીસે ચેઈન સ્નેચીંગના ગુનાઓમાં સંડોવાયેલ રીઢા ચેઈન સ્નેચરને વડનગરમાંથી પકડી પાડી જિલ્લાના છ સહિત કુલ આઠ ગુનાઓનો ભેદ ઉકેલી દીધો છે.

મિલકત વિરોધી ગુનાઓના ભેદ ઉકેલવા માટે જિલ્લા પોલીસ અધિકારી ચૈતન્ય રવિન્દ્ર મંડલીકની સૂચનાને પગલે જિલ્લા એસઓજી સ્કવોર્ડના પો.ઈ. જે.એસ. ચાવડા અને સ્ટાફના માણસો વડનગર પો.સ્ટે.ની હદમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે શંકાસ્પદ હાલતમાં જણાતા એક શખ્સ બાબુ ઉર્ફે રોબર્ટ રમેશભાઈ ભોઈ રહે. પ્રાંતિજને ઝડપી લીધો હતો. ત્યાર બાદ તેની પુછપરછ કરતા પકડાયેલ શખ્સ પોતાના સાથીદારો સાથે મળીને આઠ જેટલા ચેઈન સ્નેચીંગના ગુનાઓ કર્યાની કબુલાત કરી હતી. જેમાં વડનગર પો.સ્ટે.ના બે, વિસનગર પો.સ્ટે.ના બે વિજાપુર પો.સ્ટે.ના બે મળી જિલ્લાના કુલ છ તેમજ સાબરકાંઠા જિલ્લાના બે ગુનાઓ મળી કુલ આઠ ગુનાઓના ભેદ ઉકેલી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે પકડાયેલ આરોપી પાસેથી હજી સુધી કોઈ મુદ્દામાલ કબજે કર્યો નથી.

ધાનેરામાં ગંદકીને લીધે બિમારીમાં સપડાયેલા દર્દીઓની પાલિકાના પૂર્વ પ્રમુખે મુલાકાત લીધી

ધાનેરા, તા. ૨૭

ધાનેરા શહેરમાં લોકો બીમારીમાં સપડાયા છે ત્યારે ધાનેરા પાલિકાના પૂર્વ પ્રમુખે બીમાર લોકોની હોસ્પિટલમાં મુલાકાત લઈ આશ્વાસન આપ્યું હતું.

છેલ્લા બે દિવસમાં ધાનેરા દર્દીઓથી હોસ્પિટલો ઉભરાવવા લાગી છે ત્યારે આજે ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ દર્દીઓની મુલાકાતે ગયા હતા અને દર્દીઓને આશ્વાસન પણ આપ્યું હતું. પૂર્વ પ્રમુખે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ધાનેરા નગરપાલિકા દ્વારા શહેરની મોટા ભાગની ગટરો જેસીબી દ્વારા તોડી નાખવામાં આવી છે અને ગટરોની ગંદકી અને મચ્છરોથી લોકો બીમાર થયા છે. ધાનેરા રેફરલ હોસ્પિટલના ડૉક્ટર શૈલેન્દ્રસિંહ પરમાર દ્વારા તાત્કાલિક સારવાર આપતા દર્દીઓની હાલતમાં સુધારો જોવા મળી રહ્યો છે. પણ તંત્ર દ્વારા ટીમ બનાવી કામગીરી કરવામાં આવે તો વધુ રોગચાળો ફેલાતો અટકાવી શકાય તેમ છે. ધાનેરાના લોકો ગયા વર્ષે નદીના પૂરમાં હેરાન થયા હતા તો આ વર્ષે બીમારીથી હેરાન થઈ રહ્યા છે.

તો બીજી તરફ બીમાર દર્દી જણાવી રહ્યા છે કે જે લોકોને અમે મત આપી વિજય બનાવ્યા હતા તે સત્તાધીશો અમારી ખબર અંતર તો પુછવાની વાત દૂર રહી પણ ગંદકી બાબતે રજૂઆત કરવા જઈએ તો પણ અમારૂ સાંભળવા તૈયાર નથી. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા આ બાબતે તટસ્થ તપાસ કરાવે અને આવનારા સમયમાં કોઈ મોટો રોગચાળો ફાટી ન નીકળે તે માટે લોકો અપીલ કરી રહ્યા છે.